dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

August 2009 | For private circulation only | Vol. 01 - Issue 15

**A university is a place where new ideas germinate, strike roots and grow tall and sturdy. It is a unique space, which covers the entire universe of knowledge. It is a place where creative minds converge, interact with each other and construct visions of new realities. Established notions of truth are challenged in the pursuit of knowledge.**

- Prof. Yashpal Committee :

Report of 'The Committee to Advise on Renovation and Rejuvenation of Higher Education.' p-9.

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

ઉચ્ચ શિક્ષણના જીર્ણોદ્ધાર તથા કાયાકલ્પ માટેની સલાહ આપવા નિમાયેલ પ્રોફે. યશપાલ સમિતિ દ્વારા અંતિમ અહેવાલ માનવ સંસાધન વિકાસ મંત્રીશ્રીને સુપરત કરાયો છે. ઉચ્ચ પ્રોફેશનલ તથા ટેકનિકલ શિક્ષણમાં ઉભરતા જ્ઞાન અર્થતંત્રના પરિપ્રેક્ષ્યમાં U.G.C. તથા A.I.C.T.E.ની કામગીરીઓમાં સુધારા સૂચવવા માટે ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૮માં ૨૨ સભ્યોની પ્રોફે. યશપાલના અધયક્ષપદે આ સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિનું મુખ્ય કાર્યક્ષેત્ર U.G.C. તથા A.I.C.T.E.ની સુલભતા, ન્યાયિકતા, સુસંગતતા, તથા ગુણવત્તાની બાબતમાં આ સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન, U.G.C. એકટ તથા A.I.C.T.E. એકટમાં સુધારા સૂચવવા; યુ.જી.સી. અને અન્ય કાઉન્સિલો - મેડિકલ કાઉન્સિલ, ડેન્ટલ કાઉન્સિલ, ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ, ટીચર એજયુકેશન કાઉન્સિલ, વિગેરેમાં સંકલન; કેન્દ્ર સરકાર, યુ.જી.સી. તથા યુનિવર્સિટીઓમાં સ્વાયત્તતા; બન્ને સંસ્થાઓમાં ગુણવત્તાના ધોરણો પ્રસ્થાપિત કરી રાજયાશ્રિત યુનિવર્સિટીઓમાં તેનો અમલ કરાવવો તથા પ્રોત્સાહન યોજનાઓ ઘડી કાઢવી; યુ.જી.સી. દ્વારા અસરકારક તથા કાર્યદક્ષ રીતે સમયસર અનુદાન મળી રહે તે માટેની ભલામણો; બન્ને સંસ્થાઓની પારદર્શક કામગીરી અંગે સૂચનો; ડીમ્ડ યુનિવર્સિટીઓની માન્યતા અંગે અપનાવેલ પ્રક્રિયામાં સુધારો; યુ.જી.સી.ની મદદ મેળવવા જરૂરી પાત્રતા માટેની કલમ 12 (B) ના સંદર્ભે સુધારાઓ, વિગેરે હતા. આ સમિતિનું નવું નામાભિધાન "Committee Advise on Renovation and Rejuvenation of Higher Education" રાખવાનું મંત્રાલય દ્વારા ૧૪ ઓકટોબર ૨૦૦૮થી નકકી કરવામાં આવ્યું. સમિતિએ પોતાનો ૯૪ પેજનો અહેવાલ સરકારને સુપરત કર્યો છે. સાથે એક સભ્ય કોર્નેલ યુનિવર્સિટી ન્યૂયોર્કના સેન્ટર ફોર એનલિટિકલ ઈકોનોમિકસના ડાયરેકટર પ્રોફે. કૌશિક બસુની અસંમતિની નોંધ પણ પરિશિષ્ટમાં દર્શાવી છે.

સમિતિના અહેવાલમાં યુનિવર્સિટી વિશેની વિભાવના સુપેરે આલેખવામાં આવી છે. યુનિવર્સિટી એવું સ્થાન છે જયાં નવીન વિચારો અંકુરિત થાય છે, મૂળિયાં નાખે છે તથા પુખ્ત બની દ્રઢ થાય છે. આ એવું દ્વિતીય અવકાશ છે; જે સમગ્ર સૃષ્ટિના જ્ઞાનને સમાવિષ્ટ કરે છે. આ એવી જગ્યા છે; જયાં સર્જનાત્મક વિચારશકિતઓ એક કેન્દ્રાભિમુખ બની નજીક આવે છે, પરસ્પર સંવાદો યોજે છે અને નવી વાસ્તવિકતાઓ અંગેની દ્રષ્ટિ વિકસાવે છે. સત્ય અંગેની પ્રસ્થાપિત ધારણાઓને અહીં પડકારી જ્ઞાનને આગળ ધપાવવામાં આવે છે. આ કાર્ય કરવા માટે, યુનિવર્સિટીઓ સ્વાયત્ત હોવી જરૂરી છે. સ્વાયત્તતા થકી સંશોધન અને તાલીમમાં મોકળાશ પેદા થશે. આથી જ સરકાર તેમજ સમાજ આ સ્વાયત્તતાના સિધ્ધાંતને માન આપે તે જરૂરી છે. શિક્ષણ તથા સંશોધન બે અભિન્ન અંગ છે. યુનિવર્સિટીનું કામ માત્ર જ્ઞાન પીરસવાનું નથી; પરંતુ જ્ઞાન ઉત્પન્ન કરવાનું પણ છે. યુનિવર્સિટીઓએ માત્ર સાધન સંપન્ન તથા પ્રોફેશનલ મધ્યમ વર્ગના બાળકો માટેનો ઈજારો ન બનતાં, યુનિવર્સિટીમાં પ્રવેશતા તમામ બાળકોમાં વર્ગભેદ ભૂંસાઈ જવો જોઈએ. યુનિવર્સિટીમાં શિક્ષણ માત્ર એક ઉચિત ઉપકરણ ન બની રહેતાં, વિદ્યાર્થીઓને આજીવિકા પૂરી પાડવાનું તાલીમ કેન્દ્ર પણ બનવું જોઈએ.

યુનિવર્સિટીઓ વિશ્વની માનવીય પ્રણાલિકાઓને સાચવનારું ટ્રસ્ટીશિપ સ્વરૂપ ધરાવે છે. આથી જ વૈશ્વિક જ્ઞાનના સંવર્ધન માટે ભૌગોલિક, સાંસ્કૃતિક કે રાજકીય સરહદોથી તે પર છે. યુનિવર્સિટીઓએ વિષયમૂલક હકીકતોથી ઉપર ઊઠી વૈજ્ઞાનિક તથા વિદ્વતાપૂર્ણ સમગ્રદર્શન વિકસાવવાનું છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિબિન્દુ માટે જરૂરી છે : વિશ્લેષણાત્મક અભિગમ તથા સંશયાત્મક વલણ થકી કારણોની સતત તપાસ. આ માટે વિષયના માળખાઓની બહાર જઈ જ્ઞાનનો વિશ્વવ્યાપક અભિગમ જરૂરી છે. નમૂનેદાર વૈશ્વિક યુનિવર્સિટીઓમાં જેમ સંસ્કૃતિ, જ્ઞાન અને સંશોધન કેન્દ્રમાં હોય છે તે રીતે સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક તથા ટેકનિકલ સંશોધનો થકી વિકાસ અને સમૃધ્ધિ થવી જોઈએ. આવી અપેક્ષા પરિપૂર્ણ કરવા માટે ગ્રામ્ય અને શહેરી, ધનિક અને શ્રમિક તથા પુરુષ અને સ્ત્રી જેવા ભેદો દૂર થવા જરૂરી છે. નીતિમત્તા તથા બૌધ્ધિકતાના મૂળભૂત સિધ્ધાંતોને આધારે યુનિવર્સિટીઓ રાજકીય સત્તાઓથી સ્વાયત્ત હોવી જરૂરી છે. આવી બધી મૂળભૂત બાબતોને ધ્યાને લઈ ઉચ્ચ શિક્ષણને રાષ્ટ્રીય જવાબદારી તરીકે સ્વીકારાયેલ હતું અને છે. યોગ્ય જોગવાઈઓ થકી યુનિવર્સિટીઓમાં પડેલી ક્ષતિઓ દૂર થાય તેવા પ્રયાસ કરવા જોઈએ.

યશપાલ સમિતિના અહેવાલમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના મુખ્ય પાંચ પડકારો દર્શાવવામાં આવ્યા છે. પ્રથમ પડકાર છે : સંસ્થાઓ વચ્ચે અદ્રશ્ય દિવાલો, સંબંધોનો અભાવ અને અલગતા, તથા સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ વચ્ચેના ભાગલા. ભારતના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં સ્વાયત્તતાનું સતત અવમૂલ્યન, સ્નાતક કક્ષામાં શિક્ષણને ધીમે ધીમે તોડી પાડવું, વાસ્તવિકતાઓથી યુનિવર્સિટીઓ દૂર થઈ જવી, અનુભવહીન-જડ વેપારીકરણ (Crass Commercialisation) પાયાના પ્રશ્નો છે. યુનિવર્સિટીઓ દ્વારા પ્રદત્ત શિક્ષણ વધારે પડતું સૈધ્ધાંતિક છે. જે વ્યવહાર કુશળતા કે કાર્યદક્ષતા શીખવતું નથી. દેશની સર્વોત્તમ સંશોધન સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓ વચ્ચે કોઈ સેતુ નથી. આઈ.આઈ.ટી. અને આઈ.આઈ.એમ.ની સંસ્થાઓએ ઉત્તમ કક્ષાના ઈજનેરો તથા મેનેજરો ઘડવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે તેનું મૂળ કારણ તેમને મળેલી સ્વાયત્તતાને લીધે છે. આવી સંસ્થાઓએ તેમનું કાર્યક્ષેત્ર વ્યાપક બનાવી યુ.એસ.એ.ની M.I.T. સંસ્થાની જેમ સાહિત્ય, ભાષાવિદ્યા તેમજ રાજશાસ્ત્ર જેવા વિષયો સુધી વિસ્તારવું જોઈએ. વિશ્વમાં જયારે ભૌગોલિક સરહદો ભૂંસાઈ રહી છે ત્યારે વિવિધતાને એક મૂલ્ય તરીકે સ્વીકારી લોકશાહીયુકત વલણ અને આદાન-પ્રદાન વિકસે તે જરૂરી છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રનો બીજો પડકાર : શિક્ષણના માળખા સંબંધી છે. વિદ્યાર્થીઓમાં પ્રશ્નનું વિશ્લેષણ કરી તેના મૂળ સુધી પહોંચવા માટેની શકિતનો અભાવ, પ્રશ્નોને જુદા જુદા સંદર્ભોમાં મૂલવવાની અસક્ષમતા, યોગ્ય રીતે રજૂ કરવાની મર્યાદા તથા જ્ઞાનની વિવિધ શાખાઓને ધ્યાને લઈ સમગ્રતયા વિચાર કરવાની આવડત વિકસે તેવા યોગ્ય શૈક્ષણિક તથા પૂરક માળખાનો અભાવ છે. આ બધી બાબતો અભ્યાસક્રમ ઘડવા સંબંધી છે. શિષ્ટ સાહિત્ય, સમાજવિદ્યા તથા સૌંદર્ય-કલાવિજ્ઞાન જેવી બાબતો સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોનો અંતરંગ ભાગ હોવો જોઈએ. શિક્ષકો તૈયાર કરવાની જવાબદારી યુનિવર્સિટીઓની છે તેમાં ગુણવત્તા સુધરે તે ખૂબ જ જરૂરી છે. પ્રોફેશનલ શિક્ષણ માટે શરૂ કરાયેલી તમામ કાઉન્સિલો કે જે માત્ર શિક્ષણ માટેનું લાયસન્સ આપવાનું કામ કરે છે, તે તમામ કાઉન્સિલો બંધ કરવી; અને આ કામ યુનિવર્સિટીઓ જ કરે તેવું સમિતિ સૂચવે છે. વોકેશનલ શિક્ષણ જે યુનિવર્સિટીથી અલગ છે તેને યુનિવર્સિટી સાથે જોડી, પ્રવેશદ્વાર ખુલ્લા રાખવાની વાત પણ નોંધી છે. પૂર્વ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ માટેની હાલની વ્યવસ્થા વચ્ચે મોટી ખાઈ છે; તે દૂર કરી સ્નાતકકક્ષાના અભ્યાસક્રમો પર વિશેષ ધ્યાન આપવાની વાત પર ભાર મૂકાયો છે. તમામ શૈક્ષણિક સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન ત્રણ બાબતોને ધ્યાને લઈ કરવું જોઈએ. ઉચ્ચ શિક્ષણના સામાજિક-સાંસ્કૃતિક હેતુઓ, એકેડેમિક ઉત્કૃષ્ટતા અને સંસ્થાનો પોતાનો સુધારાલક્ષી અભિગમ.

ઉચ્ચ શિક્ષણના વ્યાપ તથા સુલભતા અંગેના પડકારો સમિતિએ નોંધ્યા છે. જેમાં યુનિવર્સિટીઓને જોડાણના ભારણથી કેવી રીતે બચાવવી તથા યુનિવર્સિટીમાં જોડાણ ધરાવતી મહત્તમ કોલેજોની સંખ્યા કેટલી રાખવી ? જેથી ગુણવત્તા જાળવણી તથા સુધારાલક્ષી અભિગમ ઝડપથી અપનાવી શકાય તે છે. સમિતિએ નોંધ્યું છે કે, ઉચ્ચ શિક્ષણની સુલભતા માટે સરકાર મૂળભૂત પ્રાથમિક જવાબદારીમાંથી હાથ પરત ખેંચી લે તે બરાબર નથી, વાસ્તવમાં રાજયાશ્રિત, ખાનગી તથા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ એમ ત્રણેય પ્રકારની સંસ્થાઓનું માળખુ બરાબર ગોઠવવું જોઈએ. ખાનગી યુનિવર્સિટીઓમાં ટ્રસ્ટના પરીવારના સભ્યોને વાઈસ-ચાન્સેલર, પ્રો-વાઈસ ચાન્સેલર તથા ચાન્સેલરના પદોની લ્હાણીથી સંસ્થાની ગરિમા ઘટે છે જે બંધ થવું જોઈએ. ડીમ્ડ યુનિવર્સિટીની વિભાવના બરાબર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી નવી ડીમ્ડ યુનિવર્સિટીઓની પરવાનગી સ્થગિત કરવી જોઈએ. ખાનગી સંસ્થાઓને ફીનું માળખું પરવડે તે રીતે નિર્ધારિત કરવું જોઈએ. સ્કોલરશિપ અથવા લોનની વ્યવસ્થાની ગોઠવણ પણ ફી માળખા સાથે જ થવી જોઈએ. પરદેશની યુનિવર્સિટીઓ જે તેમના પોતાના દેશમાં પણ પ્રસિધ્ધ નથી તેઓ માત્ર આર્થિક ઉપાર્જન માટે આવવા માગે છે તેમનો પ્રવેશ નિષેધ કરવો જોઈએ. વિશ્વની ટોચની ૨૦૦ યુનિવર્સિટીઓ જે પ્રખ્યાત છે તે ભારતમાં આવવા માટે ઈચ્છે તો તે આવકારદાયક છે. યુનિવર્સિટીઓમાં ગુણવત્તાયુકત શિક્ષણ મળે તે માટે માનવધનને આકર્ષવા માટે યોગ્ય નીતિઓ ઘડી કાઢવી જરૂરી છે.

શૈક્ષણિક સંસ્થાઓનો ચોથો પડકાર : આ સંસ્થાઓનું સંચાલન અને સ્વાયત્તતાના સંદર્ભે છે. મોટાભાગની યુનિવર્સિટીઓનું સંચાલન કથળેલું છે. સંસ્થાઓનું યોગ્ય વ્યવસ્થાતંત્રનું માળખું, કાર્યપધ્ધતિનું ચોકકસ તંત્ર, ટેકનોલોજીનો ઉપયોગ, કર્મચારીઓને પ્રોત્સાહન આપવાની નીતિ જેવી મૂળભૂત બાબતોમાં યુનિવર્સિટીઓમાં નોંધનીય કામગીરી થઈ નથી. એકેડેમિક એડમિનિસ્ટ્રેશન અને અન્ય એડમિનિસ્ટ્રેશન જેવા ભેદ પણ ખાસ નથી એક બાજુ, કેન્દ્રિય યુનિવર્સિટીઓ, IIMs, IITs, NITs, IIITs, IISERs જેવી સંસ્થાઓ ઘણી સ્વાયત્તતાઓ ભોગવે છે. તો બીજી બાજુ રાજયાશ્રિત યુનિવર્સિટીઓમાં અવકાશ નહીંવત્ છે. ખાનગી યુનિવર્સિટીઓમાં તો વાઈસ-ચાન્સેલર તથા ચાન્સેલર મૂળ સંસ્થાના ટ્રસ્ટીઓ કે પરિવારજનો ગોઠવાય છે; ત્યાં શૈક્ષણિક સ્વાયત્તતા કયાં રહે ? આ બધા જ પડકારોનું મૂળ તથા તેનું સંવર્ધન થવાનું કારણ અનેક વિધ નિયમન કરનારી સંસ્થાઓનું માળખું છે. એક બાજુ, ઉદ્યોગોમાં લાયસન્સ રાજ નાબૂદ થયું પરંતુ શિક્ષણ ક્ષેત્રે આ નિયમન કરનારી જુદી જુદી કાઉન્સિલો દ્વારા પાછલા બારણે પર્મિટ રાજનું દૂષણ દાખલ થયું છે. મોટા ભાગની કાઉન્સિલો ચોકકસ હેતુલક્ષી ઉદ્દેશો સાથે કામ કરવાને બદલે માત્ર લાયસન્સ આપનારી સંસ્થાઓ બની ગઈ છે. તેમની પાસે ન તો પર્યાપ્ત માનવબળ છે, ન નિયમન કરવાની વૃત્તિ. સમિતિએ આ તમામ કાઉન્સિલોને બંધ કરી માત્ર એક જ 'નેશનલ કમિશન ફોર હાયર એજયુકેશન એન્ડ રિસર્ચ' સ્થાપવાની ભલામણ કરી છે. કમિશનની સ્થાપના માટે અગીયાર મુખ્ય હેતુઓ ઘડવામાં આવ્યા છે. યુનિવર્સિટીઓનું પુનઃગઠન કરવા માટે પણ સમિતિએ વિવિધ ભલામણો કરી છે.

પ્રોફે. કૌશિક બસુ દ્વારા ચાર બાબતો અંગે પોતાના અલગ વિચારો રજૂ કર્યા છે જેમાં સ્વાયત્તતા આપવા અંગે કોઈ ચોકકસ પગલાં દર્શાવાયા નથી; તેમણે સંપૂર્ણપણે મુકત બજારની જેમ ખાનગીકરણની હિમાયત કરી છે, વિશ્વના શ્રેષ્ઠ અધ્યાપકોને આકર્ષવા ભિન્ન પગાર માળખું તથા ચોકકસ પગાર માળખાઓને બદલે મોકળાશભર્યુ પગાર માળખું દર્શાવ્યું છે. ભારતની યુનિવર્સિટીઓએ સમૃધ્ધ દેશોના વિદ્યાર્થીઓને તેમના દેશની સરખામણીએ ઓછુ ખર્ચાળ પરંતુ તેમના દેશની યુનિવર્સિટીઓની કક્ષાનું શિક્ષણ આપી, નાણાકીય સાધનો ઊભા કરવા માટેના તેમના વિચારો દર્શાવેલ છે. આ બાબતો પણ વિચારણા માગે તેવી છે. યશપાલ સમિતિના સૂચનો આશા રાખીએ કે ઉચ્ચ શિક્ષણ માટે પરિવર્તન માટેના દ્વાર ખોલવામાં નિમિત્ત બને.

૫ ઓગષ્ટ, ૨૦૦૯

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Proud



Pooja N. Chaurushi, a student of M.Sc. IT (2009-2010) First semester is a proud of university.



Pooja had started her competitive swimming from year 2000 and till date she had won total **142 medals** in swimming which includes **13 medals** at national level and **129 medals** at state level, in junior & senior category, which includes sea swimming competition of 30 Kilometers.



From the year 2006 she had switched to TRIATHLON the game of the combination of swimming, cycling & sprinting (running), which requires high endurance and skill in all the three discipline, where athlete has to compete following distances in respective category.



| Category | Swimming | Cycling | Running |
|---|---|---|---|
| Junior | 750 m | 20 km | 5 km |
| Senior | 1500 m | 40 km | 10 km |

In this sport she won her first gold medal in junior category at Bhopal in November 2006 subsequently she had won her first gold medal in senior category at '33rd National Games' held at Guwahati Assam in February 2007. She had won 15 medals in this sport also, which consist of 5 at state level, 8 at national level & one at international level.



Recently on 12th July 2009 she had won bronze medal in 'Jr. Asian Trianthlon Cup' at Kokshetau Kazakhstan. This is the first international medal ever won in this game by any Indian. Based on this, she got selected to represent Indian at World Championship to be held at Gold Coast, Australia during 10th September to 13th September this year. In connection to this along with other International athletes, she will be also participating in the preparatory training camp organized by International Triathlon Union from 29th August 09 to 9th September 09 at Gold Coast, Australia.

Pooja was awarded the precious 'Jr. Sardar Patel award' as well as 'Sr. Sardar Patel award' for her achievements by the Government of Gujarat, presented by Chief Minister of the state Mr. Narendra Modi.

## નવીન આયામ

રાજસ્થાનના લાડનુ ખાતે ચાતુર્માસ કરી રહેલા આચાર્ય મહાપ્રજ્ઞજીએ તેરાપંથી મહાસભામાં કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિને વિશ્વશાંતિ અહિંસા, સદાચાર અને મૂલ્ય શિક્ષણના સંસ્કાર માટે એક વિભાગ શરૂ કરી આપવા સમતિ દર્શાવી છે.

રાજસ્થાનના લાડનું ખાતે કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિએ કરેલી યાત્રા સફળ નિવડે તેવા આશાના કિરણો દેખાઈ રહ્યા છે. ડૉ. પ્રજાપતિએ યુનિવર્સિટીમાં "આચાર્ય મહાપ્રજ્ઞજી સેન્ટર ફોર સાયન્સ ઓફ લિવિંગ" પ્રારંભ કરવા એક દરખાસ્ત તૈયાર કરી હતી. જેના ઉપર આચાર્ય મહાપ્રજ્ઞજીની ઉપસ્થિતિમાં ચર્ચાઓ થઈ હતી. આ અંગે તેરાપંથી મહાસભામાં આચાર્ય મહાપ્રજ્ઞજીએ યુનિવર્સિટીનું આ સપનું પૂરુ કરવા તૈયારી દર્શાવી હતી.

આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી, સાથે ચર્ચામાં યુવાચાર્યશ્રી મહાશ્રમણજી તથા મહેન્દ્રકુમાર મુનીશ્રી સાથે ડૉ. બી.એ. પ્રજાપતિ તેમજ સુરત તેરાપંથ સમાજના અગ્રણીઓ સર્વશ્રી બાલુભાઈ પટેલ, ચંપકભાઈ

મહેતા, શૈલેષભાઈ ઝવેરી, રાજેશભાઈ કોઠારી, અંકેશભાઈ દોશી, જસકરણ ચોપડાજી, બાબુભાઈ, વિનોદભાઈ લાઠીયા જોડાયા હતા.

ડૉ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે આ સેન્ટર શરૂ કરવાનો મુખ્ય હેતું માણસમાં રહેલી ચેતનાને શકિતમાં રૂપાંતર કરી તેમને આધ્યાત્મિકતા, નૈતિકતા તરફ વાળી સંસ્કારોની શાલિનતા બક્ષવાનો છે. સારા સંસ્કાર સાથેનો ઉછેર પરિવાર, સમાજ, રાષ્ટ્ર માટે હિતદાયી હશે. આ સેન્ટર દ્વારા વ્યકિતમાં શાંતિ એખલાસતાના ભાવો વિકસાવી, સાથે સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ હળીમળીને પોતાની પ્રભારી નિખારી શકશે. પ્રવર્તમાન સમયમાં સાચુ શિક્ષણ આપે તેવા ગુરૂની જરૂર છે. વ્યકિતને સારા સંસ્કારો આપે અને દેશને ઉમદા બનાવી શકાય તેવા આશય સાથે યુનિવર્સિટીએ સપનું સજાવ્યું છે. ડૉ. પ્રજાપતિએ વધુમાં જણાવ્યું હતું કે આ સેન્ટર દ્વારા શિક્ષા, ધ્યાન, યોગા, અણુવ્રત અને અહિંસાને લગતી શિબિરો અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ માટે યોજાશે. મૂલ્ય શક્ષણ માટે સેમિનાર, કોન્ફરન્સ અને વર્કશોપ યોજી તેમાં શિક્ષણ સાથે સંકળાયેલા તમામ લોકોને આવરી લઈ પ્રચાર કરાશે. તેમાં ટ્રસ્ટી, મેનેજમેન્ટ બોર્ડ, વાલી મંડળ, વિગેરે તમામને સાંકળી લેવાશે. આ માટે ઈન્ફોર્મેશન સેલ પણ સ્થાપવામાં આવશે જેમા લાયબ્રેરી, ઓડિયો વિઝયુલ ફેસીલીટી, આઈ.ટી. ફેસીલીટી પુસ્તકોનું નિદર્શન, તેમજ આવી વિચારધારાવાળા પુસ્તકો પ્રકાશિત કરી જન ભાગીદારી કેળવાશે. આ માટે જૈન વિશ્વ ભારતી યુનિવર્સિટી સાથે સમજૂતી કરાર પણ કરાશે. દ્વિતીય ચરણમાં રિસર્ચ, ક્રેડિટ, નોન ક્રેડિટ કોર્ષ દ્વારા મૂલ્ય શિક્ષણ પ્રાપ્ત થાય તેવા પ્રોગ્રામ ડિઝાઈન કરાશે. અંતિમ તૃતીય ચરણમાં સાયન્સ ઓફ લિવિંગ વિભાગની સ્થાપના કરાશે. ડૉ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આપણી યુનિવર્સિટી સમગ્ર વિશ્વની યુનિવર્સિટીઓ માટે મૂલ્ય શિક્ષણને લઈને રોલ મોડેલ બની શકે તેવા પ્રયાસ કરાશે.

## પીએચ.ડી. : વર્કશોપ



યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુ.જી.સી.) દ્વારા વ્યાખ્યાતા બનવા માટે પીએચ.ડી.ને ન્યુનતમ લાયકાત તરીકે સ્વીકારતાં અને પીએચ.ડી.ના મહાશોધ નિબંધની ગુણવત્તા સુધારવા માટે તાજેતરમાં તેના નિયમોમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. જેના અનુસંધાનમાં પીએચ.ડી. ડિગ્રીમાં પ્રવેશ મેળવતી વખતે સંશોધન અંગેની દરખાસ્ત (પ્રપોઝલ) રજુ કરવી અનિવાર્ય છે. આ હેતુને ધ્યાનમાં રાખી યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત વિસ્તારની આર્ટ્સ, કોમર્સ, મેનેજમેન્ટ, કોલેજોમાં વ્યાખ્યાતા તરીકે સેવા બજાવતા અધ્યાપકો જેઓ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા માંગે છે. તેઓએ પીએચ.ડી. દરખાસ્ત (પ્રપોઝલ) કેવી રીતે લખવી તે અંગેના એક વર્કશોપનું આયોજન અગીયારમી પંચવર્ષીય યોજનાના યુ.જી.સી. મર્જડ સ્કીમના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં બાવન અધ્યાપકો/સંશોધકોએ ભાગ લીધો હતો.

વર્કશોપમાં પ્રમુખીય પ્રવચન અર્થશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યક્ષ પ્રો. બી.વી. આચાર્યે આપ્યું હતું તેમણે યુવાન અધ્યાપકોને સંશોધનમાં રસ દાખવવા અને પ્રવેશ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સંશોધન અહેવાલમાં પૂર્વ સંશોધનોનું વિહંગાવલોકન કેવી રીતે કરવું તે અંગેની વિસ્તૃત સમજ સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરતના ડાયરેકટર પ્રો. દેવી પ્રસાદે સંશોધકોને આપી હતી. પીએચ.ડી. માટે જયારે સંશોધન દરખાસ્ત રજુ કરવામાં આવે છે, ત્યારે સંશોધન દરખાસ્તમાં કઈ બાબતોનો સમાવેશ કરવો અને કઈ બાબતોનો સમાવેશ ન કરવો એટલે કે “આદર્શ સંશોધન દરખાસ્તના અંગો” અંગે માનવ સંશોધન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વડાશ્રી પ્રો. કિરણ પંડયાએ સમજણ પુરી પાડી હતી. સામાજીક સંશોધન અને સંશોધન અહેવાલમાં સંશોધનની પધ્ધતિઓ, સંશોધન પ્રક્રિયા, નિદર્શન પસંદગી અને સંશોધનમાં આંકડાશાસ્ત્રના ઉપયોગ પર પ્રો. એમ.બી. દવેએ પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું યુનિવર્સિટીના મેનેજમેન્ટ વિભાગમાં સેવા બજાવતા ડૉ. સ્મૃતિ બલસારીએ સંશોધન દરખાસ્ત લખવામાં કમ્પ્યૂટર કેવી રીતે મદદરૂપ થઈ શકે તે અંગેની કેટલીક ઉપયોગી જાણકારી સંશોધકોને આપી હતી.

વર્કશોપના અંતે તમામ સંશોધકોને સર્ટીફીકેટ અર્થશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યક્ષ પ્રો. એ.એસ. ચરણના હસ્તે અર્પણ કરાયા હતા. કાર્યક્રમનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. સુભદ્રા રાગોથામન અને કો-ઓર્ડિનેટર તરીકે અર્થશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. ગૌરાંગ રામીએ સેવા આપી હતી.

## Annual Magazine




Arth. (2008-09, Vol. II). Department of Economics. Editor : Shri M.B. Dave, Joint Editor : M.R. Patel

## UGC - Interface Meeting



યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી સંલગ્ન 2 (f) and 12(B), કુલ ૫૧ કોલેજોને XI Plan Development Grant (including Merged Scheme) ફાળવવા માટે UGC - New Delhi દ્વારા UGC - Interface Meeting એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ ખાતે યોજવા નકકી કરેલ હતુ. પરંતુ કુલપતિશ્રીએ દક્ષિણ ગુજરાતની કોલેજોની સંખ્યા તથા આચાર્યશ્રીઓની સરળતા/સગવડતાને ધ્યાનમાં રાખી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજવા UGC-New Delhiને રજુઆત કરી હતી અને જે UGCએ માન્ય રાખીને યુનિવર્સિટી, સુરત ખાતે તારીખ : ૦૧-૦૮-૨૦૦૯ થી તારીખ : ૦૩-૦૮-૨૦૦૯ દરમ્યાન Interface Meetingનું આયોજન કરવામાં આવેલ હતું.

Interface Meetingમાં UGC Expert Committeeના ચેરમેન પ્રો. ભીમ એસ. દહિયા, પૂર્વ કુલપતિશ્રી, કુરુક્ષેત્ર યુનિવર્સિટી તથા અન્ય સભ્યોમાં ડૉ. સુરેશ ચંદ, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ, દેવી અહિલ્યા યુનિવર્સિટી, ઈન્દોર, પ્રો. એસ.એન. સીંઘ, ડિપાર્ટમેન્ટ ઓફ પોલીટીકલ સાયન્સ એન્ડ પબ્લીક

એડમીનીસ્ટ્રેશન, એમ.ડી.એસ. યુનિવર્સિટી, અજમેર, ડૉ. ઉષા મુકુંદન, આચાર્યશ્રી આર. જે. કોલેજ, ઘાટકોપર, મુંબઈ, પ્રો. મનોહરલાલ શર્મા, ડિપાર્ટમેન્ટ ઓફ ગાંધીયન સ્ટડીસ, પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ, શ્રી અનિલ રાવ, આચાર્યશ્રી, એમ.જે. કોલેજ, જલગાંવ અને મેમ્બર તરીકે ડૉ. સુરેન્દર સિંઘ, ડેપ્યુટી સેક્રેટરી, યુજીસી ઉપસ્થિત રહયા હતા.

મીટીંગ દરમ્યાન કમિટિએ યુનિવર્સિટી સંલગ્ન ૫૧ UGC 2(f) અને 12(B) કોલેજોના આચાર્યશ્રીઓની કોલેજ ડેવલપમેન્ટ ગ્રાંટ તથા મર્જડ સ્કીમ અંતર્ગત ગ્રાંટ મેળવવાની દરખાસ્તોની ચકાસણી કરી યુજીસીના નિયમોનુસાર ગ્રાંટની ભલામણ કરેલ છે. કમિટિએ કોલેજો પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવી કોલેજોને વધુમાં વધુ યોજના હેઠળ ગ્રાંટની માંગણી કરવા જણાવેલ હતું.

સૌ પ્રથમ વખત મીટીંગનું આયોજન યુનિવર્સિટી ખાતે થયેલ હોઈ આચાર્યશ્રીઓએ વિશ્વાસપૂર્વક કમિટિ સમક્ષ પોતાની દરખાસ્તોની રજુઆત કરેલ હોઈ કોલેજોને વધુમાં વધુ ગ્રાંટ મળવાનો વિશ્વાસ વ્યકત કરેલ છે. કમિટિએ મીટીંગમાં અનુપસ્થિત રહેલ કોલેજોની ગંભીરતાથી નોંધ લીધેલ હતી. મીટીંગને અંતે પોતાનો ખાનગી અહેવાલ UGC, WRO, PUNEને મોકલી આપેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આચાર્યશ્રીઓને Interface Meetingની પૂર્વ તૈયારીના ભાગરૂપે માર્ગદર્શન મળી શકે તે હેતુથી, કુલપતિશ્રીના વિશેષ સુચનથી તારીખ ૨૭-૦૭-૦૯ના રોજ એક સેમિનારનું આયોજન પણ કરવામાં આવેલું હતું.

# કૉલેજ ન્યૂઝ

## ઉદ્‌ઘાટન



એમ.એલ.પી. ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત બી.સી.એ. કોલેજ, માસમાનો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૧૨-૭-૨૦૦૯ના રોજ યોજાઈ ગયો. જેમાં ગુજરાત વિધાનસભાના સ્પીકર અશોક ભટ્ટના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારંભમાં પધારેલા મહાનુભાવોમાં કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, સંસદીય સચિવ ઈશ્વરભાઈ પટેલ, ભરતભાઈ બારોટ, ઓલપાડ ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, મથુરભાઈ સવાણી જલધારા ટ્રસ્ટ, સુરત જિલ્લા પંચાયતના ભરત રાઠોડ, તા.પ. ના પ્રમુખ શર્મિષ્ઠાબેન પટેલ, કાંતિભાઈ પટેલ, જયેશભાઈ પટેલ (સુમુલ ડેરી), ડૉ. રમણભાઈ પરમાર (વાઈસ ચેરમેન), વિગેરે હાજર રહયા હતા.

## સ્પર્ધા

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિના ઉપક્રમે તા. ૨૪-૦૭-૦૯ના રોજ વર્ષાગીતોની સ્પર્ધા યોજાઈ ગઈ. હિન્દી-ગુજરાતી ફિલ્મી અને અન્ય ગીતો સ્પર્ધકોએ રજૂ કર્યા હતા.

## વર્કશોપ



અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.સી.એ., બી.બી.એ., અને બી.કોમ., સુરત ના સંયુકત ઉપક્રમે તા. ૨૭-૭-૦૯ના રોજ Faculty Development Workshopનું આયોજન થયું હતું. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય ડૉ. ઘનશ્યામભાઈ રાવલે શિક્ષણના પાયાના તત્વો વિશે સમજ આપી હતી, ઉપરાંત યુનિવર્સિટીના DBIMના પ્રો. ડૉ. વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિત જગાડવાની રીત તરીકે "Micro lab" અને "Kaizan"ની સમજ આપી હતી. તેમજ DBIMના ડૉ. જયદીપભાઈ ચૌધરીએ શિક્ષણની ગુણવત્તા સુધારવા Teaching Methodની સમજ આપી હતી. વર્કશોપમાં સુરતની બી.બી.એ. કોલેજના અધ્યાપકોએ ભાગ લીધો હતો.

## આરોગ્ય

- ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજય પ્રેરીત અને તાપી જીલ્લા રેડ ક્રોસ સોસાયટી અને જીલ્લા સેવા સદન આયોજીત સી.એન. કોઠારી હોમિયોપેથિક, વ્યારા સંલગ્ન કાળીદાસ હોસ્પિટલ ખાતે તા. ૨૧-૦૬-૦૯ના રોજ જયપુર ફુટ તથા પોલિયો નિદાન અને સારવાર શિબિર રાખવામાં આવ્યો હતો. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજયના માનદ મંત્રી ડૉ. મધુબેન નાયક, કલેકટર શ્રી સી.એન. બલાત, તાપી જીલ્લા રેડ ક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ ભટ્ટ તથા શ્રી સંજયભાઈ શાહ અને ડૉ. માર્કંડ ભટ્ટે દીપ પ્રાગટય કરી શિબિરની શરૂઆત કરી. તાપી જીલ્લાના ૬૪ લાભાર્થીઓએ લાભ લીધો. તેમાંથી ૧૦ જરૂરિયાતમંદ ગરીબ લાભાર્થીઓના મોટા ઓપરેશન વિના મૂલ્યે અમદાવાદ કરવામાં આવશે તથા ૧૬ લાભાર્થીઓને જયપુર ફુટ આપવામાં આવશે. આ શિબિરને સફળ બનાવવા તાપી જીલ્લા રેડ ક્રોસ સોસાયટીના માનદ મંત્રી ડૉ. અજય દેસાઈ, પોલિયો ફાઉન્ડેશન-અમદાવાદ તથા સંસ્થાના તમામ કર્મચારીઓનો ફાળો રહયો.
- સંસ્થાના શિલ્પી સ્વ. અનીલભાઈ મગનલાલ શાહની શ્રદ્ધાંજલી સ્મૃતિમાં સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર તથા કાળીદાસ હોમિયોપેથીક હોસ્પિટલ, તાડકુવા વ્યારા દ્વારા નવસારી રોટરી આઈ ઈન્સ્ટિટયુટના સહયોગથી વ્યારા નગરના પટ્ટી વિસ્તારના ગરીબ લોકો માટે વિના મૂલ્યે નેત્રયજ્ઞ તા. ૨૬-૦૭-૦૯ના રોજ કાળીદાસ હોમિયોપેથીક હોસ્પિટલ ખાતે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૧૪ દર્દીઓની આંખ તપાસવામાં આવી હતી. ૫૮ દર્દીઓને રાહતદરે ચશ્મા આપવામાં આવ્યા હતા. આંખના ૨૫ દર્દીઓના ઓપરેશન નવસારી રોટરી આઈ ઈન્સ્ટિટયુટના નિષ્ણાંત સર્જનો દ્વારા કરવામાં આવ્યા. તદ્‌પરાંત જાગૃતિ સોસાયટી વ્યારાના સહયોગથી જાગૃતિ સોસાયટી હોલ ખાતે બપોરે ૩ થી ૫ દરમ્યાન વિના મૂલ્યે હોમિયોપેથિક નિદાન-સારવાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૦૫ દર્દીઓએ ભાગ લીધો. આ શિબિરમાં ડૉ. મહાવીર ઘીયા, ડૉ. હીમા પંડયા, ડૉ. જનની તથા ડૉ. નુપુર દ્વારા સારવાર કરવામાં આવી.



- શ્રી એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બિલિમોરા અને એન.એચ.પી. બ્લડ બેંકના સંયુકત ઉપક્રમે રકતદાન કાર્યક્રમ તા. ૧-૭-૨૦૦૯ના રોજ યોજાઈ ગયો. રકતદાતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રમાણપત્ર, પેન, પુષ્પ એનાયત કરવામાં આવ્યાં.

## સ્થાપના દિન



કીમ એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી. એચ. ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ, કીમનો ત્રીજો સ્થાપના દિન ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી જોસેફભાઈ મેકવાનની ઉપસ્થિતિમાં તા. ૯-૭-૨૦૦૯ના રોજ ઉજવાયો હતો, તથા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટની પણ શરૂઆત કરી હતી.

"આત્મનિર્ભર કોલેજનું સામાજિક અને શૈક્ષણિક ઉત્તરદાયિત્વ" વિષય પર સુપ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી જોસેફ મેકવાને વ્યાખ્યાન આપ્યું હતું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત સરકારની સપ્તધારા કોમ્યુનિટી સર્વિસ ફોર્સના કો-ઓર્ડિનેટર પ્રા. રાજેન્દ્ર જાનીએ 'રાષ્ટ્રીય સેવા યોજનાનું શૈક્ષણિક - સામાજિક ઉત્તરદાયિત્વ" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું અને વિદ્યાર્થીઓને એન.એસ.એસ ની પ્રવૃત્તિનું મહત્ત્વ સમજાવ્યું હતું.

સમારંભનો આરંભ કોલેજની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના રજુ કરી કર્યો હતો. કાર્યકારી આચાર્ય ડૉ. જગદીશ કંથારીઆએ સ્વાગત પ્રવચન અને કોલેજની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સંસ્થાના સહમંત્રી ઉત્તમભાઈ પરમારે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું આ પ્રસંગે આવેલા સંદેશાઓનું વાચન પ્રા. ચિંતન ભટ્ટ દ્વારા થયું હતું.

યુનિવર્સિટીની પરીક્ષા ૨૦૦૯માં કોલેજ પ્રથમ આવનારા દોષ રકિયા, સોનલ મહેતા, અઝરા શેખનું વિશેષ સન્માન જોસેફ મેકવાનના હસ્તે થયું હતું. આભારવિધિ પ્રા. ભાવેશ પરમારે કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. મિહિર ઉપાધ્યાયે કર્યું હતું.

## વ્યાખ્યાન



- નવયુગ સાયન્સ કોલેજ, સુરતના મધ્યસ્થ ભવનમં ISROના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક ડૉ. રમેશભાઈ પંડયાનું એસ્ટ્રોનોમી વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. પ્રા. પન્ડયાએ અવકાશ અને ધર્મને એકસાથે સાંકળી વિદ્યાર્થીઓને હળવી શૈલીમાં સતત બે કલાક સુધી રસપ્રદ માહિતી આપી હતી.

  પ્રા. ડૉ. આર.ટી. વશીએ પણ વિદ્યાર્થીઓને ખગોળશાસ્ત્રની જાણકારી આપી હતી. સદીના સૌથી મોટા ખગ્રાસ સૂર્યગ્રહણ અંતર્ગત કોલેજમાં "સૂર્યગ્રહણ" વિષય પર એક વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

  પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલે વિદ્યાર્થીઓને અગત્યની જાણકારી મેળવવા માટે હંમેશ તૈયાર રહેવા અને સ્પર્ધામાં વધુ સંખ્યામાં ભાગ લેવા માટે જણાવ્યું હતું.
- એ.બી. પટેલ કોમર્સ કોલેજ, બિલિમોરાની સ્ટુડન્ટસ કાઉન્સિલની ડિબેટ કમિટિના ઉપક્રમે તા. ૨૫-૭-૨૦૦૯ના રોજ આર્ટ્સ-કોમર્સ કોલેજ, ચીખલીના પ્રા. લિપ્સાબેન અધ્વર્યુનુ 'યુવાનોની મુંઝવણો અને તેના ઉકેલ' વિષય ઉપરનું વ્યાખ્યાન યોજાઈ ગયું.
- સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ, વ્યારાના યજમાનપદ હેઠળ HMAI યુનિટ દ્વારા CME કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ શૈક્ષણિક શિબિરમાં Conventional and Laproscopic Herina Repair અને Principal and General Management of Fracture and Joint Replacement વિષય ઉપર ડૉ. ભાવિન ભુવા તથા ડૉ. મનોજ પટેલે વ્યાખ્યાન આપ્યાં. ડૉ. જે.જે. જૈને વકતાઓનો પરિચય આપ્યો. પ્રિ. ડૉ. જયોતિ રાવ તથા ડૉ. મહેન્દ્ર બુરડ દ્વારા વકતાઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન ડૉ. અંકિતા જાગીરદાર તથા આભાર દર્શન ડૉ. ભાવિન મોદી દ્વારા કરવામાં આવ્યું.



## M. Phil

Prof. Vaishali N. Punjani (Z. F. Wadia Women's College & N. K. Jhota College of Commerce, Surat) has been awarded her M.Phil degree by Sardar Patel University, Vallabh Vidhyanagar for the dissertation "A Dyslexia : A Critical Study of Language Deficiency in Children & Adolescents." in May 2009. She worked under the guidance of reknown linguist Dr. Javed Khan, Prof. & Head of the Dept. of English, S.P. University. Congratulation

## શોધ-પત્ર

Prin. Dr. Ashok M. Desai (Z. F. Wadia Women's College & N. K. Jhota College of Commerce, Surat) presented a paper at the 10th National Conference of All India College Principal's Association held at Bhandardhara (Maharastra). The paper entitled "Courage to Act Instead of React in Higher Education "was among the 5 from all over India selected for the conference. Prof. H.A. Rangnathan, Director of NAAC. Banglore served as reasource person on the topic of "re-accreditation of Colleges."

## પ્રવેશોત્સવ


એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૦૮-૦૭-૦૯ના રોજ એફ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ આચાર્યા, શૈક્ષણિક તથા બીન શૈક્ષણિક સ્ટાફ સભ્યોની હાજરીમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મંત્રીશ્રી મુકેશભાઈ મહેતાના મુખ્યમહેમાન પદે યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસ અને અન્ય પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લઈને વ્યકિતત્વનો વિકાસ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમગ્ર વર્ષ દરમ્યાન થનાર અભ્યાસ તેમજ સહભ્યાસ પ્રવૃત્તિની રૂપરેખા આપવામાં આવી હતી.

## કેમ્પ




યુનિવર્સિટી દ્વારા તા. ૧૦-૬-૨૦૦૯થી ૧૯-૬-૨૦૦૯ દરમ્યાન Indian Mountaineering Foundation કેમ્પ ઉત્તરકાશી ખાતે યોજાઈ ગયો. જેમાં ટ્રેકિંગ, રીવર ક્રોસીંગ, બોટીંગ અને અન્ય કાર્યક્રમોનું આયોજન થયેલ. આ કેમ્પમાં સર કે.પી. કોમર્સ કોલેજ, સુરતના ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી શ્રી પાવસીયા શની કે. અને નિકુંજ ગેવરીયા તથા રાજપીપળાના મયુર પી. પટેલ અને રેશ્મા શ્યામલે ભાગ લીધો.

## મુખપત્ર




અભિનવ. (૨૦૦૮-૨૦૦૯). અભિવન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ, (બી.સી.એ., બી.કોમ., બી.બી.એ., બી.એડ., પી.ટી.સી.) જહાંગીરપુરા, સુરત. સંપાદક : પ્રા. મીનાક્ષી જરીવાલા.



નિસર્ગ. (૨૦૦૮-૨૦૦૯). સરકારી વિનયન અને વાણિજય કોલેજ, આહવા-ડાંગ. સંપાદક : પ્રા. મેબલ મેકવાન અને પ્રા. પુલિન ભટ્ટ.



પાથેય. (વર્ષ ૨૦૦૮-૦૯, અંક : ૭). ભારત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી. સંપાદક : ડૉ. કિન્નરીબેન ભ. પટેલ અને પ્રા. શ્રીમતી મીનાબેન રા. પરમાર.



કાવેરીકમ. (વર્ષ ૨૦૦૮-૦૯, અંક : ૨૦) એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. સંપાદક : પ્રા. એન.બી. સોલંકી અને કેવટ પ્રીતિ એન.

# વાચન વિશેષ

## મહાત્મા ગાંધી

મહાત્મા ગાંધીનું નામ બે વસ્તુઓનો લીધે સેંકડો વરસ લગી ચિરંજીવ રહેશે : (૧) ખાદી, અને (૨) સત્યાગ્રહ.

(૧) આજના યંત્રયુગમાં, જગતની ખેતી કરનાર પ્રજાઓમાં ગ્રામઉદ્યોગ મોટા પ્રમાણમાં ફરી ચાલતા કરવામાં પહેલ કરનાર ગાંધીજી છે. જે મોસમમાં ખેતરોમાં કામ કરી નથી શકાતું ને ખેતીનું કામ સાવ અટકી જાય છે તે મોસમમાં કરોડો માણસોને રોજી આપવાના સાધન તરીકે તેમણે ગ્રામઉદ્યોગનો કાર્યક્રમ બતાવ્યો છે. હિંદુસ્તાનમાં આવી બેકારી વરસમાં ચારપાંચ મહિના ચાલે છે. જૂના વખતમાં જયારે વરાળ કે વીજળીથી ચાલતાં યંત્રો નહોતાં ત્યારે કુટુંબનાં નાનાં મોટા સહુ માણસોનો વખત હાથકાંતણ, હાથવણાટ ને બીજા ગ્રામઉદ્યોગોમાં જતો; અને રોજના વપરાશ માટે બહુ જ ટકાઉ કાપડ કંતાતું ને વણાતું.

દુનિયાની વસ્તીનો ઓછામાં ઓછો અડધો ભાગ આવી મોસમી બેકારી ભોગવતો થઈ ગયો છે, અને તેનું મુખ્ય કારણ યંત્રથી બનાવેલા કાપડની રેલ-છેલ છે, એમ કહેવું ખોટું નથી. એ કાપડે તેના સોંઘાપણાથી બહ ધીરે ધીરે ગામઠી ગૃહઉદ્યોગોનો નાશ કરી નાખ્યો છે. સર્વ પ્રકારના ગ્રામઉદ્યોગો ફરી સજીવન થાય, અને તે વાટે ગામડાની પ્રજા પોતે નૈતિક તેમજ શારીરિક ભૂખમરામાંથી ઉગરી જાય એ શકય છે, એવી શ્રદ્ધા ધરાવનાર ગાંધીજી પહેલા પુરૂષ નીકળ્યા છે. કરોડો માણસોનાં મનમાં આ પ્રકારની નવી આશાનો સંચાર તેઓ કરાવી શકયા છે.

એ ભાવના શી છે તે ભારતવર્ષમાં વસનારા આપણે જાણીએ છીએ. પરમાત્માનું સાન્નિધ્ય અને સર્વવ્યાપીપણું સમજવું ને અનુભવવું; જીવનમાં પ્રતિક્ષણ મનુષ્યને ઈશ્વર પર આધાર રાખવો પડે છે એ હકીકત નિખાલસપણે કબૂલ કરવી; અર્થ અને કામ કરતાં ધર્મ અને મોક્ષને ઉચ્ચતર ગણવા; ધર્મ અને મોક્ષની સાધના કરતાં, ને તેને ખાતર, અર્થ અને કામને એટલે કે સંસારના સુખોપભોગને તુચ્છ ગણવા; એ ભારતવર્ષની ભાવના છે. ગાંધીજીની મહત્તા આ આદર્શોની મહત્તાને આભારી છે એ વિષે ભારતવર્ષને જાણનાર માણસના મનમાં ક્ષણવાર પણ શંકા નહીં ઊપજે.

ભારતવર્ષનાં સંતાનોને ફરી એ આદર્શોની દિશામાં વાળવા માટે, તથા જે વખતે જગતમાં લગભગ સર્વત્ર એ આદર્શો પ્રત્યે ધૃણાની નજરે જોવાય છે તે વખતે, ટીકા અને ઉપહાસ સહન કરીને પણ, આખા જગતની સમક્ષ એ આદર્શો રજૂ કરવા માટે આખું ભારતવર્ષ ગાંધીજીનું અત્યંત ઋણી છે. વધતા જતા જડવાદના યુગમાં ગાંધીજીએ અધ્યાત્મવાદનાં સ્વીકાર અને અનુશીલન કરવા જગતને હાકલ કરી છે.

ગાંધીજીને ખ્રિસ્તી સંત ફ્રાન્સિસની સાથે સરખાવવાનું મન ઘણીવાર થાય છે. સંત ફ્રાન્સિસ પણ ગામડાંના લોકોએ હાથે કાંતેલું વણેલું જાડું કાપડ રોજના પોશાક તરીકે વાપરતા. એ રીતે તેમણે પોતાના જમાનામાં હાથ બનાવટના કાપડને ફરી લોકોની નજરમાં પ્રતિષ્ઠિત સ્થાન અપાવ્યું હતું. સંત ફ્રાન્સિસ પણ, હથિયાર લીધા વિના અને કષ્ટ સહેવાની તૈયારી કરીને, સેરે-સનોની હથિયારબંધ ફોજમાં, સહનશીલ પ્રેમના પોતાના સંદેશા વાટે લડતાં સૈન્યોમાં શાંતિ ફેલાવવાને, ચાલ્યા જતા. એટલે જ વિચારો મહાત્મા ગાંધી સેવે છે તે જ સંત ફ્રાન્સિસના હ્રદયમાં પણ હતા. આમ તેઓ બંને એક જ શ્રેણીના પુરૂષો હતા. પણ હવે મહાત્મા ગાંધી એથી આગળ વધ્યા છે. તેમના બે મોટામાં મોટા 'સત્યના પ્રયોગો' - ખાદી અને સત્યાગ્રહ - ને

માનવજાતિના સામુદાયિક જીવનમાં સ્થાન મળેલું છે. મનુષ્યના ઈતિહાસમાં કદી ન જોયેલો એટલા મોટા પ્રમાણમાં એ બે પ્રયોગનો અમલ અત્યાર પહેલાં થઈ ચૂકયો છે. આ રીતે તેઓ, અત્યારે જીવતા બીજા કોઈ પણ પુરૂષના કરતાં અધિક અંશે, માનવજાતિને માટે શાંતિને સદ્‌ભાવના સંદેશવાહક થઈ પડયા છે.

(સાભાર : ગાંધીજીને જગવંદના : ૭૦મી જયંતીને પ્રસંગે પ્રસિધ્ધ થયેલો લેખસંગ્રહ, સંપાદક : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન. અનુ. ચંદ્રશંકર પ્રા. મહેતા, મુંબઈ : વોરા એન્ડ કંપની, ૧૯૪૩.

## મિત્રને મદદ

બુકર ટી. વૉશિંગ્ટન જાણીતા અશ્વેત શિક્ષક હતા. અમેરિકામાં અલાબામાની ટસ્કીજી ઈન્સ્ટીટયૂટના તે પ્રમુખ નિમાય તે સમયની આ વાત છે. એક દિવસ તે નગરના એક ધનાઢય લોકોના વિસ્તારમાંથી જઈ રહયા હતા ત્યારે એક ધનિક ગોરી મહિલાએ તેમને રોકીને કહયું : 'થોડા ડૉલર કમાવવા હોય તો મારી પાસે કામ છે. મારે લાકડાંના થોડા ચીરિયા કરાવવા છે.'

પ્રો. વૉશિંગ્ટને સ્મિત કરી હા પાડી અને બાંય ચડાવી લાકડાંના ચીરિયા કરવા માંડયા. ચીરિયા થઈ ગયા પછી સાચવીને તે મહિલાના રસોડામાં લઈ જઈ ગોઠવીને મૂકયા.

મહિલાની દીકરી જે તે વખતે ઘરમાં હતી તે આ પ્રસિદ્ધ પ્રોફેસરને ઓળખી ગઈ. જયારે પ્રોફેસર ગયા તે પછી તેણે તેની માને કહયું કે 'જાણે છે કે આ કોણ છે ? તેં કોની પાસે કેવું કામ કરાવ્યું ?

બીજે દિવસે સવારે પેલી મહિલા ખૂબ જ સંકોચ અને શરમ સાથે પ્રૉફેસર વૉશિંગ્ટનને મળવા તેમની ઑફિસે ગઈ અને હૃદયપૂર્વક માફી માંગી.

'મેડમ, કોઈ વાંધો નહીં. મને થોડી શારીરિક મહેનત કરવી કયારેક ગમે છે. તે ઉપરાંત એક મિત્રને મદદ કરવામાં પણ આનંદ આવતો હોય છે.'

મહિલા આ સૌજન્યવાન પ્રોફેસરના વર્તનથી એટલી અભિભૂત થઈ કે તેણે તેમની ઈન્સ્ટીટયૂટને તે પછી પુષ્કળ દાન અપાવ્યા.

(જીતો દુનિયા તમારા અભિગમથી. જે.પી. વાસવાણી, પૃ.૬૭)

# દક્ષિણાયન

## પ્રતિભાવ

ભાઈશ્રી અંકુયા,

"દક્ષિણાયન"નું આકર્ષક કલેવર, સુરુચિપૂર્ણ લખાણ, સુંદર ફોટોગ્રાફ, નિરૂપણની એકસૂત્રતા આ બધુ એકાગ્રતા અને સજ્જતા વિના ન થઈ શકે, ધન્યવાદ !

પ્રથમ અંકના આરંભે સમયમૂર્તિ કવિ નર્મદની ગુજરાત ભક્તિને સાકાર કરતું અનુપમ ગુજરાતી કાવ્ય 'જય ! જય! ગરવી ગુજરાત' અને બીજા અંકના આરંભે જ્ઞાન અને શ્રદ્ધાનો દીપ પ્રગટાવતા સંસ્કૃત શ્લોકો. એક માતૃભાષા અને બીજી દેવભાષા. રાજયમાં અને દેશમાં ભાષાનો ક્રમ કેવો હોય એનો સહજ સંકેત આપે છે.

'દીપે અરુણું પરભાત' એ અગ્રલેખમાં કુલપતિ શ્રી બી.એ. પ્રજાપતિએ ગુજરાતની 'અસ્મિતા'ના જયોતિર્ધરોને યાદ કરીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિકાસ-યાત્રાને આગળ વધારવાની પક્ષધરોને હાકલ કરી છે તે આવકારદાયક છે. 'સત્યં જ્ઞાનં અનન્તં'એ તૈત્તરીય ઉપનિષદના સાધના મંત્રને શિક્ષણમાં સાકાર કરવાનો વિશ્વાસ બંધાય છે. 'સંસ્કૃતિ, જ્ઞાન અને ચારિત્ર્ય'નો ત્રિવેણી સંગમ જ શિક્ષણને સાર્થક કરી શકે. યુનિવર્સિટી અને યુનિવર્સિટીનું મુખપત્ર તેનું વાહન બને તેવી અભ્યર્થના.

પ્રો. ડૉ. અંબાલાલ મો. પ્રજાપતિ
પૂર્વ કાર્યકારી કુલપતિ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## સંપર્ક

કોલેજ ન્યૂઝ નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭

આધ્યાત્મિકતા શિક્ષણ સાથે સુગ્રથિત થવી જ જોઈએ. આત્મસાક્ષાત્કાર મિલનબિન્દુ છે. આપણામાંના દરેકે આપણા ઉચ્ચ આત્માથી સભાન થવું જ જોઈએ. આપણે ભવ્ય ભૂતકાળને ભવ્ય ભાવિ સાથે જોડતી કડીઓ છીએ. આપણે આપણી સુષુપ્ત આંતરિક ઊર્જાને પ્રજવલિત કરવી જોઈએ જેથી આપણા જીવનને સદાય માર્ગદર્શન આપતી રહે. સર્જનાત્મક પ્રયત્ન પર સવાર થયેલા આવા આત્માઓનો પ્રકાશ આ રાષ્ટ્રને શાંતિ, સમૃદ્ધિ અને પરમ સુખ લાવી આપશે.

ડૉ. અબુલ પાકીર જેનુલાદ્દીન અબ્દુલ કલામ
પૂર્વ રાષ્ટ્રપ્રમુખ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**
**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com